ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*વિશ્વયુદ્ધની ચિંતાઓ પલવાર આવી છે,*
*આતંકની સામે કૈંક ભલીવાર આવી છે,*
*સલવાયું છે વિશ્વ હવે ઝેરીલાં શસ્ત્રોમાં -*
*જો; જો! ટ્રંપના હાથમાં તલવાર આવી છે.*

હાઈકુ

*પૂરાઈ ગયું*
*વિશ્વ વંદ્ય વ્યક્તિત્વ -*
*દલિત વાસે...*
*(સંકુચિત દૃષ્ટિ)*

*ચાલે છે તંત્ર*
*લંગડું - ખોડંગાતું,*
*કોર્ટ ચાબૂકે...*
*(જવાબો દીધે રાખો!)*

### ચિંતન

***જનમ મરન સબ દુઃખ સુખ ભોગા, હાનિ લાભુ પ્રિય મિલન બિયોગા ।***
***કાલ કરમ બસ હો હિં ગોસાઈ બરબસ રાતિ દિવસ કી નાઈ ॥***

ઉપરોક્ત ચોપાઈ અયોધ્યાકાંડમાંથી લેવાયેલ છે.

જેમ રાત્રી અને દિવસ થયા જ કરે છે, તેમ જન્મ મરણ, સુખદુઃખ, હાનિ લાભ, સંયોગ વિયોગ, એ બધું કાળ અને કર્મને આધીન થઈ થયા કરે છે.

પૂર્વ જન્મનાં આ જન્મના નાના મોટા ગુન્હા-સત્કાર્યો-તેનાં ફળ આપવાના નિયતકાળે - સમયે ફળ - પરિણામ આપે જ છે. પૂર્વજન્મના પુણ્યકાર્યો કે પાપકર્મો પણ નિયત સમયે પાકે જ છે. એ બધું વિધાતાએ ‘નિશ્ચિત’ કરેલું જ છે.

જેમ કુદરતી રીતે રાત-દિવસ-ઋતુઓ થયા કરે છે એમાં કંઈ - કોઈને પ્રયત્ન કરવો પડતો નથી. સામાન્ય રીતે જ થાય છે તેમ સુખ-દુઃખ, હાનિ-લાભ, સંયોગ-વિયોગ પણ કાળક્રમ અને ક્રમફળ પ્રમાણે થયા જ કરે છે, તેમ. કુદરત-વિધાતા-ભાગ્યમાં નિર્મિત બાબત સહજ રીતે થાય છે - થયા જ કરે છે.

### સુવિચાર

- સમજણમાંથી ગણતરીઓ કાઢી નાખીએ એટલે ચારે તરફ આનંદ જ છે - **જીવનસૂત્ર**
- સ્વાદ છોડો તો શરીર સ્વસ્થ, વિવાદ છોડો તો સંબંધ સ્વસ્થ - **જીવનસૂત્ર**
- પૈસા અને ઉંમર પણ કયારેય અભિમાન ન કરવું,
  કેમ કે જે ગણી શકાય તે ખતમ થઈ જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આળશ એ મીઠું ઝેર છે પણ તેનો સ્વાદ છોડવાનું ઘણું અઘરું છે - **જનકલ્યાણ**
- આ વિશ્વમાં સાચું દુઃખ એ નથી એ લોકો બહુ ખોટું બોલે છે,
  દુઃખએ છે કે સાચું જાણનારા ચૂપ છે - **સંત રોબિન**
- ચરાગ ડંસતી હુઈ આંધીયાં ભી આયેગી, અગર સફર હૈ તો દુશવારિયાં ભી આયેગી - **ડો. રાહી રઝા**
- આજનું ઔષધ - તલના તેલમાં હિંગ અને સૂંઠ નાખી, સહેજ ગરમ કરી માલીશ કરવાથી કમરનો દુઃખાવો મટે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

જીવનનો હેતુ - ધ્યેય પામવા માટે આપણે મોહ-માયાના પાણી ઉલેચવામાં મહેનત કરીએ છીએ. જે ખોટી દિશામાં દોડે છે. મોહ નદી કૂવા કદી ઉલેચતા નથી.

બે મિત્રો-નદીએ નહાવા ગયા. નહાતાં-નહાતાં તેમની નજર પાણીમાં પડી. જોયું તો હીરાનો હાર હતો. બંનેએ નક્કી કર્યું કે નદિના તળીયે આ હાર આપણે પાણી ઉલેચીને કાઢી લઈએ. બજારમાં વેચી પૈસા અડધા અડધા કરી લેશું. સવારથી સાંજ સુધી નદીનું પાણી ઉલેચવા મહેનત કરી પણ હાર હાથમાં આવ્યો નહીં. એવામાં સાંજે એક સંત ત્યાંથી પસાર થયા એમણે આ બે યુવાનોને પાણી ઉલેચતા જોયાં એટલે પુછ્યું, ‘તમે પાણી, રેતી ઉલેચવાની મહેનત કેમ કરો છો ?’ એક મિત્રએ જવાબ આપ્યો ‘મહારાજ નદીના તળિયે હીરાનો કિંમતી હાર દેખાય છે જે મેળવવા અમે બેવ પાણી રેતી ઉલેચીએ છીએ.’ આખી જિંદગી તને મહેનત કરશે તો પણ હાર નહીં મેળવી શકો, કારણ કે કાર પાણીમાં જ નહીં એ તો પાસેના આ વૃક્ષની ડાળી પર લટકે છે અને પાણીમાં તમે જ જુઓ છો તે હારનું માત્ર પ્રતિબિંબ છે. પછી તમારી મહેનત કયાંથી ફળે?? મિત્રોએ સંત ને વંદન કર્યા અને ઝાડ પર ચડી હાર મેળવ્યો. માણસના જીવનની કરુણતા એ છે કે એ બિંબને ભૂલીને પ્રતિબિંબને મેળવવા ખોટી મહેનત કરે છે, તેમ છતાં આત્મજાગૃતિ અને ચૈતન્યનો કિંમતી હાર તેમણે પ્રાપ્ત થતો નથી.

# ગુજરાતમાં વધતો ગરમીનો પ્રકોપ

**તંત્રીસ્થાનેથી...**

ગરમીનો પારો સતત ઊંચકાતો જાય છે તે ગ્લોબલ વોર્મિંગનું પ્રત્યક્ષ પ્રમાણ છે. ગુજરાતનાં વિવિધ શહેરોમાં નોંધાયેલું ઉષ્ણતામાન છેલ્લાં ઘણા વર્ષોથી એપ્રિલ માસમાં કયારેય નહોતું નોંધાયું એટલું ઊંચું છે. કચ્છ પોતાની રીતે આગવું હવામાન ધરાવતો પ્રદેશ છે. ત્યાં દરિયો પણ છે, ડુંગર પણ છે અને રણ પણ છે. ભુજમાં ગુજરાતનાં અન્ય શહેરોની સરખામણીએ સૌથી વધુ ગરમી પડી રહી છે. કચ્છમાં જ આવેલું નલિયા શિયાળામાં ગુજરાતનું સૌથી ઠંડુ નગર બની જાય છે. ડીસા વગેરે રાજસ્થાનના રણની અસર હેઠળનાં શહેરોમાં ઊંચુ તાપમાન રહે કે અરવલ્લીના બોડા થઈ ગયેલા ડુંગરો તપવાથી ઈડરનું ઉષ્ણતામાન ઊંચું રહે એ તો સમજી શકાય, પણ દરિયા કિનારે આવેલ સુરત કે ગાઢ જંગલ વિસ્તાર ધરાવતા દક્ષિણ ગુજરાતના વલસાડ પણ ઊકળવા માંડે એ તો કુદરતનો કોપ જ ગણાય. ગાંધીનગરને તો ‘ગ્રીન સિટી’ની ઓળખ પ્રાપ્ત થયેલી છે, છતાં અમદાવાદ જેવા પ્રદૂષિત મહાનગર કરતાં અહીં પારો ઊંચો ચઢે તે શું સૂચવે છે? શું એ ગાંધીનગરના રાજકીય પ્રદૂષણની ફળશ્રુતિ હશે ? વિકાસના નામે પહોળા ડામર રોડ અને સિમેન્ટ ક્રોંકિટની તોતિંગ ઈમારતો ઉપરાંત કાચની દિવાસો વાળા મોલ હરિયાળા પાટનગરની વનરાજિનેય હંફાવીને એને ધગધગતા રાજસ્થાની શહેરની હરોળમાં મૂકી રહ્યાં હોય એમ નથી લાગતું ? રાજય સરકારો આવા મુદ્દાઓ પ્રત્યે સામાન્ય રીતે ઉદાસીન રહેતી હોય છે. એવા અભિગમને કારણે જ ફક્ત ગુજરાતમાં નહીં બલકે વિકાસશીલ દુનિયાના તમામ પ્રદેશોમાં ગ્લોબલ વોર્મિંગ ભરડો લઈ રહ્યું છે. બરફની નદીઓ પીગળતી જાય છે, એથી ફક્ત હિમાલય જ નહીં, છેક ધ્રુવ પ્રદેશની ગ્લેશિયરો ખસતી રહે છે. એથી કયારેક દરિયો ઊભરાશે અને કિનારે વસેલાં શહેરોને ગળી જશે એવી દહેશત પણ વ્યક્ત થતી રહી છે. આ બધી ગંભીર બાબતો છે પણ કોઈ દેશ કે કોઈ સરકાર કે કોઈ પ્રજાએ એને ગંભૂરતાપૂર્વક લીધી નથી તે કેવું આશ્ચર્ય છે! વધુ નહીં તો ઊંચા તાપમાને અને ‘હીટવેવ’થી જીવન પર સીધો જ ખતરો છે, એટલું તો સૌએ સ્વીકારવું જ રહ્યું. ‘સનસ્ટ્રોક’ કહેતાં લૂથી બચવા માટે તો તમામ જીવો પોતાપોતાની રીતે પ્રયત્નશીલ રહે જ છે. સામાન્ય દિવસોમાં ધમધમતા શહેરોના રાજમાર્ગો પર સ્વયંભૂ કર્ફ્યૂ જેવી સ્થિતિ સરજાઈ જાય છે. જેની પાસે એરકન્ડિશન્ડ નિવાસ સ્થાનો કે વ્યવસાયો સ્થળો નથી તે પણ દેશી અને પરંપાગત સંસાધનો મારફત ગરમીના પ્રકોપથી બચવા પ્રયાસ કરે જ છે. વધુ પડતા તાપમાનથી માનવ શરીરમાં ડિહાઈડ્રેશનનો ભય રહે છે. આથી કુદરતે અગાથી ગોઠવી રાખેલ તરબૂચ કે ટેટી જેવાં ફળો આરોગવાથી અને શક્ય એટલું વધુ પાણી પીવાની ટેવ પાડવી ફાયદાકારક છે. રાજયના ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગે જારી કરેલા આદેશો પણ આવકારવાલાયક છે. અમદાવાદમાં ઑરેન્જ એલર્ટ એ કદાચ સદીનું યાદગાર સીમાચિહ્ન હશે.

# ભલે ને બાપુ રાષ્ટ્રપિતા હોય પણ પહેલાં નંબરે તો ‘બા’ કસ્તૂરબા જ!

**લાડકા પુત્ર દેવદાસ ગાંધીના સથવારે કસ્તૂરબાની સ્મરણાંજલિ**




પત્ની તરીકે જે મહિલાને પતિએ પણ ‘બા’ તરીકે સંબોંધ્યા હતા અને આપણે સહુ પણ જેમને ‘બા’ તરીકે સ્વીકારીએ છીએ તેવા કસ્તુરબાની ૧૪૯મી જન્મજયંતિ એપ્રિલ મહિનાના બીજા અઠવાડિયામાં ગઈ. ગાંધી સંસ્થાઓમાં આ નિમિત્તે કસ્તુરબાને શ્રદ્ધાંજલિ સહ યાદ કરવામાં આવ્યા. ગાંધી બાપુ સહિત બધા જેમને ‘બા’ તરીકે હંમેશા સંબોધતા એવા આ ‘બા’ વિશે તેમના સૌથી નાના પુત્ર દેવદાસ ગાંધીએ જ સરસ મજાનું લખાણ કરીને પોતાની માં ને સાવ નોખી રીતે અંજલિ આપી છે.

બા બાપુ અને ભાઈ એવા શીર્ષક સાથેની સાવ નાનકડી ચોપડીમાં દેવદાસભાઈ ગાંધીએ તેમના માતાપિતા અને જયેષ્ઠ ભાઈ હરિલાલભાઈ વિશે લખેલા લેખોનું સંકલન કરીને સસ્તા સાહિત્ય મંડળે તેને પ્રકાશિત કરી છે. મો.ક. ગાંધી અને કસ્તુર ગાંધીનું અંતિમ બાળખ એવા દેવદાસ ગાંધીની ૪૮ પાનની નાનીસી પુસ્તિકામાં કે જેમાં અગાઉ સમાચાર પત્રો-સામાજિક અને ઓલ ઈન્ડિયા રેડિયોમાં ત્રણેય પરિવારજનો વિશે વાત કરી છે. એને જ પુસ્તિકામાં પુનઃ મુદ્રિત કરીને સ્થાન અપાયું છે. પણ જોવા જેવી બાબત જાણવા મળે છે, પુસ્તિકાના શીર્ષક ‘બા બાપૂ ઔર ભાઈ’માંથી. જગતને સત્ય અને અહિંસાનો પાઠ શીખવાડનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો ક્રમ શીર્ષકમાં બીજે નંબરે છે. ‘બા’ કસ્તુરબા પહેલા છે, બાપુ પહેલા.

દેવદાસ પોતાની માતા વિશે લખે છે, આગાખાન મહેલમાં નજરકેદની સજા ભોગવી રહેલા કસ્તુરબાને કીડની અને ફેંફસાની બિમારી સતાવતી હતી પરંતુ સપ્ટેમ્બર ૧૯૪૨થી હૃદયરોગની તકલીફ પણ તેમને થતી હતી. આવું પહેલીવાર હતું. કારાવાસની સજા ભોગવવામાં તેમની શારીરિક તાકાત તો ન હતી પરંતુ માનસિક પણ તેઓ ભાંગી પડ્યા હતા. આ અંતિમ જેલ યાત્રા તેમની કઠોર અગ્નિ પરીક્ષા સમાન હતી. આગાખાન મહેલની તાર ફેન્સિંગ અને સંત્રીઓના રાત-દિવસના ચોકી પહેરા તેમના માટે અસહ્ય હતા. ‘બા’ને તો સેવાગ્રામની ઝૂંપડીમાં પાછા જવાની ખૂબ ઈચ્છા હતી. એક તરફ નજરબંધ બંધનાવસ્થામાંથી તેમને છૂટવું હતું પરંતુ બીજી તરફ અંગ્રેજ સરકાર દ્વારા તેમની કેદી તરીકેની સજા કયારે પૂરી થશે એ સ્પષ્ટ ન હતું. તેમની સાથેના બીજા કેદીઓને જોઈને પણ તેમને દુઃખ થતું હતું. એક તરફ તેમની ઈચ્છા નજરકેદની સજામાંથી મુક્તિની હતી પરંતુ તેમની સાથેના બાપુ સિવાયના બાકીના નજરબંધ કેદીઓની તરફ તેમને લાગણી હતી આથી તેઓ એવું ઈચ્છતા હવા કે એ બધાને છોડી દેવામાં આવે. તેમના બદલે અને બાપુને હંમેશા માટે જેલમાં રાખવામાં આવે! આ એક જ પ્રસંગ ‘બા’ની ઉદાત્ત ભાવના ઉજાગર થાય છે. અંગ્રેજ સરકારે તો ‘બા’ની બિમારી છતાં કેદી તરીકેની સજા સમાપ્તના કરી પણ તેમને પરમેશ્વર દ્વારા અંતિમ દયાળુતાપૂર્ણ મુક્ત જેલ કેદી તરીકે મેળવી.

‘બા’ના અંતિમ કલાકો વિશે લખતા દેવદાસ ભાઈ નોંધે છે કે ‘બા’ અનેક શારીરિક તકલીફ વેઠતી હોવા છતાં મનથી ખૂબ જ મજબૂત હતા, પોતાની અંતિમ ઘડી આવી ગઈ છે એની જાણ તેમણે તમામ સંતાનોમાં સૌથી નાના અને લાકડાં પુત્ર દેવદાસ - ‘ગોયા’ને કરી હતી. ‘બા’ જેમને પ્રેમથી ‘ગોયા’ તરીકે સંબોધતા એવા દેવદાસ ગાંધીને બોલાવીને - પાસે બેસાડીન કહ્યું હતું : ‘હવે હું જઈ રહી છું. એક દિવસ તો જવાનું હોય છે જને, તો પછી આજે કેમ નહીં? - આમ સમજણ આપતા બધાને તેઓ હિંમત આપતા હતા. દેવદાસ તેમને બોલવાથી રોકતા હતા છતાં ફરી ફરપીને તેઓ બે-ચાર સ્નેહભરી વાત કરી લેતા હતા અને પછી પ્રિય પુત્રથી પણ મોઢું ફેરવી લીધું હતું. અને અસહ્ય અશક્તિ છતાં કોઈનો સહારો લીધા સિવાય પલંગમાં જાતે બેઠાં થયા અને ઊંચા સ્વરમાં પ્રભુને દયા કરવા પ્રાર્થના કરવા લાગ્યા હતા.’

‘બા’ મરણ પથારીએ હોવા છતાં દેવદાસ તેમની પાસે રહી શક્યા નહીં. બે કલાક પછી ફરી હિંમત કરીને તેઓ ‘બા’ સામે ગયા. તેમની સામે ‘બા’ હસ્યા. દેવદાસભાઈ લખે છે ‘બા’ના અંતિમ શ્વાસની ઘડીઓણાં પણ એ હાસ્ય એવું હતું ‘જે છેલ્લા ૪૩ વર્ષોથી મને બહેલાવતી આવી છે.’

**અનુસંધાન પાના નં. ૭ પર**

# સત્તા એ ભૂમિ સેવાની છે : સર પટ્ટણી અને વહીવટના મોંઘા મૂલ્યો




જીવનની અનેક ઘટનાઓ, જે તે સમયે ખૂબ મહત્વની લાગતી હોય છતાં પણ લાંબા ગાળે તે વિસરાઈ જતી હોય છે. પરંતુ એક ઘટના જે સ્મરણમાં આવ્યા પછી વિસરવી મુશ્કેલ બને છે તે લલિતચન્દ્ર દલાલે લખી છે. સત્ય ઘટના છે. દલાલ સાહેબ ગુજરાતના છેલ્લા નિવૃત્ત થનારા આઈ. સી. એસ.(INDIAN CIVIL SERVICE) ના અધિકારી હતા. અનેક લોકો દલાલ સાહેબને તેમજ તેમની કાર્ય કરવાની પધ્ધતિધ્ધતિને આજે પણ આદરપૂર્વક યાદ કરે છે. ઘટના કંઈક આવી છે :

૧૯૪૫ માં ગાંધીજીને આગાખાન પેલેસની જેલમાંથી મુક્ત કરવામાં આવે છે. આ ઘટના બને છે તે દિવસેજ દલાલ સાહેબને મળવા સદોબા પાટીલ (એસ. કે. પાટીલ) આવે છે. એસ. કે. પાટીલ મહારાષ્ટ્રના તે સમયના મોટા ગજાના અગ્રણી હોવા ઉપરાંત ભારત સરકારમાં રેલવે મંત્રી તરીકે પણ તેમણે કામગીરી કરી હતી. શ્રી પાટીલે દલાલ સાહેબને કહ્યું કે બાપુને પંચગની રસ્તા માર્ગે લઈ જવાનો નિર્ણય થયો છે પરંતુ તે માટે કારમાં પુરતુ પેટ્રોલ નથી. તે વખતે પેટ્રોલનું રેશનીંગ ચાલતું હોવાથી બજારમાંથી નાણાં ખર્ચીને પણ પેટ્રોલ મેળવી શકાય તેવી સ્થિતિ ન હતી. આથી એસ. કે. પાટીલે દલાલ સાહેબ પાસેથી પેટ્રોલની માંગણી કરી. દલાલ સાહેબ તે સમયે પૂના જિલ્લામાં ફરજ બજાવતા હતા. તેમની સરકારી સેવાની શરૂઆતનો આ સમયગાળો હતો. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ તરીકે તેમને ફરજના ભાગ તરીકે પ્રવાસ કરવો જરૂરી હતો. આથી એક કાળજીવાળા અધિકારીને છાજે તેમ તેઓ પેટ્રોલનો થોડો સ્ટોક પોતાની સરકારી ગાડીમાં રાખતા હતા. દલાલ સાહેબે ક્ષણના પણ વિલંબ સિવાય પેટ્રોલ આપવાની હા કહી. આ પેટ્રોલના કેટલા પૈસા ચૂકવવાના થાય છે તેવી પૂછપરછ સ્વાભાવિક રીતેજ પાટીલ સાહેબે કરી. દલાલ સાહેબના જવાબમાં એક શાણા ગુજરાતીને છાજે તેવો રણકાર હતો : “ એટલા પૈસા મને ગાંધીજી માટે ખર્ચવાની છૂટ આપો. મારે એકપણ પૈસો જોતો નથી. ” આમ છતાં એક પ્રકારની કુતૂહુલ વૃત્તિથી દલાલે એસ. કે. પાટીલને પૂછ્યું કે પૂનાના કેટલાક શેઠીયાઓ – ઉદ્યોગપતિઓ ગાંધીજીના ભક્ત છે છતાં પણ આ સેવા માટે તેમની (શ્રી દલાલની) પસંદગી કેમ કરવામાં આવી ? એસ. કે. પાટીલે કહ્યું કે તેમાના મોટા ભાગના ઉદ્યોગપતિઓ તેમના વ્યવસાય સબંધી હીતના કારણે બ્રિટીશ સરકારની સંભવિત ખફગી આવું કામ કરીને વહોરવા માંગતા નથી. દલાલ સાહેબે આથી તરતજ પૂછ્યું કે તેઓ તો આ સરકારનાજ અધિકારી હતા, તંત્રના ભાગરૂપ હતા તે હકીકત તેમના (એસ. કે. પટીલના) ધ્યાને કેમ ન આવી ? શ્રી પાટીલનો જવાબ ટૂંકો અને સ્પષ્ટ હતો. તેઓ કહે : “ મને તારી હિમ્મતમાં પૂરી શ્રધ્ધા હતી. ખાતરી પણ હતી કે આવા કાર્ય માટે તમે કોઈની દરકાર કરો તેવા નથી ! ” જે લોકો વહીવટમાં એક અથવા બીજા સ્થાન પર નાની – મોટી સેવા બજાવે છે તે સૌ ગૌરવ અનુભવી શકે તથા પ્રેરણા લઈ શકે તેવો આ પ્રસંગ છે. “ સીર સાટે નટવરને ભજવા ” ની હામ જેના હૈયામાં ધરબાયેલી હોય તેજ વ્યક્તિ આવું કાર્ય સભાનતાપૂર્વક કરી શકે. જાહેર સેવામાં પડેલા લોકોની પણ એક અનોખી આકાશગંગા છે. અનેક ઉજળા નામોનું તેજ ત્યાં ઝળહળે છે. આ બધા પુણ્યશ્લોક નામોમાં ભાવનગરના દીવાન સર પ્રભાશંકર પટ્ટણીનું સ્થાન અનોખું છે. બાળ રાજવી અને ભાવનગરના હીતો જાળવીને તેમજ અંગ્રેજ હકૂમત સાથે પણ પોતાની આગવી વિચક્ષણતાથી વ્યવહારુ સંબંધો જાળવીને આ મનિષિએ જાહેર સેવાના કે રાજ્યની સેવાના ભવ્ય તથા ભાતીગળ ઉદાહરણો પૂરા પાડેલા છે. દેશી રાજ્યોની નબળાઈ અને પ્રજાહિતની બાબતોમાં ગોરી સરકારના આંખમીચામણાની સ્થિતિમાં માત્ર પ્રજાહીતને કેન્દ્રમાં રાખીને પટ્ટણી સાહેબે કરેલો ભાવનગરનો વહીવટ અનેક વહીવટકર્તાઓને દરેક કાળમાં દિશા દર્શક બની શકે તેવો છે. સ્થળ તથા સંજોગો કાળના વહેતા પ્રવાહમાં ભલે બદલાયા હોય પરંતુ વ્યાપક લોકહીતની ખેવનાનો મૂળ સિધ્ધાંત આજે પણ તેટલોજ સાંપ્રત અને સંદર્ભયુક્ત છે. એપ્રિલની ૧૫મી તારીખે ૧૮૬૨ માં જન્મ લેનાર આ મહાપુરુષની સ્મૃતિ તાજી કરી તેમને વંદન કરવાનો આ સમય છે. આજથી લગભગ દોઢ સદી પહેલા પણ પટ્ટણી સાહેબ જે ચિલા પાડીને ગયા તે વહીવટના વટેમાર્ગુઓએ ફરી ફરી સમજવા અને અનેક કિસ્સામાં અનુસરવા જેવા છે. ભોળા હરણ શિશુ જેવી જિંદગીનું જેને આકર્ષણ છે તેવા આ કવિ અને ઋજુ હૃદયના માનવીએ વહીવટના આટાપાટાના ઉકેલ માટે કદી ટૂંકો કે અન્યાયકર્તા માર્ગ લીધો નથી. સરળતા તેમજ નિર્દોષતાના તેઓ આજીવન ઉપાસક રહ્યા છે. લખે છે.

જોવી જેને નજર ન પડે
વક્ર તાલેવરોની, ખાયે જેઓ
ઉદર ભરીને પંક્તિ દુર્વાકરોની,
ઠંડા વારિ નદી સર તણાંપી
નિરાંતે ભમે છે તેવી સાદા
હરિણ શિશુની જિંદગાની ગમે છે.

પુજ્ય મોટાની ઈચ્છાના કારણે હરિઓમ આશ્રમની સહાય – પ્રોત્સાહનથી તેમજ પોતાના દરેકે દરેક લખાણમાં સંપૂર્ણ ચીવટ તથા કાળજી રાખનાર શ્રી પિયુષ પારાશર્યને કારણે આપણાં સુધી પટ્ટણી સાહેબની વાતો ગ્રંથ સ?વરૂપે પહોંચી શકી છે તેથી આપણે હરિઓમ આશ્રમ તથા પિયુશભાઈના રુણી છીએ. સર પટ્ટણીનું જીવન જાહેર વહીવટ સાથે સંબંધ ધરાવતા તમામ લોકો માટે દીવાદાંડી સમાન છે. તે તરફ દ્રષ્ટિ રાખીને વહીવટ ચલાવવાનો પ્રયત?ન કરીશું તો એ ચોકકસ લોક કલ?યાણલક્ષી વહીવટ પુરવાર થશે તેમ કહી શકાય. યુગો સુધી પટ્ટણી સાહેબનું નામ તથા તેમનું કામ પથદર્શક બની રહેશે તે બાબત નિસંદેહ છે. પટ્ટણી સાહેબની લખેલી સુંદર પંક્તિઓ છે.

“ સત્તા ભૂમિ સેવાની છે
જિંદગી આ પર સેવાની છે
લોકખ્યાતિ તોફાની છે
સહુની ગઈ છે, જાવાની છે. ”

# સતિયાં છે પાયમાલ ને ખુશહાલ પાપિયાં, ઈન્સાફ ખુદ ખુદાને હજી આવડ્યો નથી




સાહિત્ય સભાનો, સ્વરચિત કૃતિઓનો સ્વમુખે પઠનનો કાર્યક્રમ સૌએ મનભર માણી વખાણ્યો.

છેલ્લા ૨૦ વર્ષથી, દર માસના બીજા રવિવારે અચૂક મળતી અને અનેક સાહિત્યિક કાર્યક્રમો યોજી, સાહિત્યને સમૃદ્ધ રાખવા કટિબદ્ધ એવી ગાંધીનગર સાહિત્ય સભાની આ બેઠક યોજાઈ ગઈ.

કાર્યક્રમની શુભ શરુઆત, શબદની આરાધ્ય દેવી મા શારદાની સ્મૃતિ વંદનાથી કરવામાં આવી. ત્યારબાદ આ માસમાં જેમનો જન્મદિન આવે છે તેવા સભ્યોને અભિનંદન આપવામાં આવ્યા. ભાલચંદ્ર કાજરેકર દ્વારા સંપાદિત પુસ્તક ‘કથાવલિ’ ની વાર્તાઓની તેમના દ્વારા રૂપરેખા રજૂ કરવામાં આવી. અને નટુભાઈ ગજ્જર લિખિત પુસ્તક ‘મા રાંદલ’ની માહિતી રજૂ કરવામાં આવી. ત્યારબાદ સાહિત્ય સર્જકોની સ્વરચિત કાવ્ય - લઘુકથાનો સ્વમુખે પઠનનો કાર્યક્રમ શરુ થયો. આ કાર્યક્રમમાં ગુલાબચંદ એન. પટેલે તેઓની કાવ્યકૃતિ ‘નિવૃત્ત જીવન’ રજૂ કરી. મંગળદાસ એમ. પારેખે કાવ્યકૃતિ ‘સંજુડીને મંજુડી’ રજી કરી. ભર્ગદેવ ભટ્ટ ‘બિન્દાસ’ દ્વારા પેરોડી ગીત ‘નોટોને શરણે’ રજૂ કરવામાં આવ્યું. જિતેન્દ્ર કા. વ્યાસ દ્વારા તેમની ગઝલ ‘વીંઝ્યા કરી છે પાંખ’નું પઠન કર્યું. સુમંતભાઈ શાહે ગીત ‘માનવ મન’ રજૂ કર્યું. રણછોદભાઈ વી. પરમારે તેમની રચના ‘આંસુના કંઈ ઝાડવા ઉગતા નથી.’ નટુભાઈ ગજ્જરે તેમનું કાવ્ય ‘ડેમ રે બોલને કેનાલ સાંભળે’ રજૂ કર્યું. જયંતિલાલ મકવાણાએ તેમની લઘુકથા ‘દીકરી’ અને હિનાબેન સી. શુક્લ દ્વારા લઘુકથા ‘આંટી’ રજૂ કરવામાં આવી. કવિ મુલાંકી દ્વારા કાવ્ય ‘જગતનો દરેક જીવ પ્રવાસી’નું પઠન કરવામાં આવ્યું. જયારે ડૉ. કલ્યાણ વૈષ્ણવ દ્વારા ગઝલ ‘નોંખી રીત છે’ રજૂ કરવામાં આવી. અજિતસિંહ ભટ્ટી દ્વારા તેમની કાવ્ય રચના ‘જોવા જેવી થાશે રજૂ કરવામાં આવી’ ર.વિ. પટેલ દ્વારા તેમની રચના ‘શહેરમાં હેલ્મેટ પહેરવાની કાયદાની જરૂર છે?’ રજૂ કરવામાં આવી. મૂળજીભાઈ પરમાર દ્વારા તેમનું કાવ્ય ‘કાળજા કેરો કટકો દીકરી’ રજૂ કરવામાં આવ્યું. ભીખુભાઈ કવિ દ્વારા અછાંદસ રચના ‘ઓન લાઈન’ રજૂ કરવામાં આવી. અધ્યક્ષ સ્થાનેથી નટવર હેડાઉ ‘વનવિહારી’ દ્વારા કુદરત અને દીકરીની કાવ્ય રચનાનું પઠન કરવામાં આવ્યું. સંજય થોરાત દ્વારા માઈક્રોફિકશન વાર્તા ‘ગોરખપુર એક્સપ્રેસ’ રજૂ કરી, સભાની પૂર્ણાહૂતિ પૂર્વ આભારવિધિ કરવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

સ્વમુખે રજૂ થયેલ કૃતિઓ પૈકીની કેટલીક કૃતિઓ માણીએ.

**વીંઝ્યા કરે છે પાંખ**

**(ગઝલ)**

વીંઝ્યા કરી છે પાંખ; છો આભે અડ્યો નથી,
મારી નજરથી હું કદી નીચે પડ્યો નથી.
એનો ઝુરાપો જીવ-ને ચોંટ્યો જલોની જેમ;
ચોંટી રહ્યો છે, આજ લગી ઊખડ્યો નથી.
હે દોસ્ત, ખાલી આશ-દિલાસા ન આપ તું;
તારો ખર્યા પછી કદી આભે ચડ્યો નથી.
દુનિયા લે આવી માહિતીની નોંધ શી રીતે?
જે કોઈને સપનાની મહીં પણ નડ્યો નથી.
ના પ્હાણ છું સહજ, નથી હું શિલ્પ પણ સરસ;
શિલ્પી, ન કાં પૂરેપૂરો મુજને ઘડ્યો નથી?
સતિયાં છે પાયમાલ ને ખુશહાલ પાપિયાં,
ઈન્સાફ ખુદ ખુદાને હજી આવડ્યો નથી.

**- જિતેન્દ્ર કા. વ્યાસ**

●●●

**મુજને ડુંગરદેવ**

**(ગઝલ)**

મુજને ડુંગરદેવ તેં માન્યો હતો,
એટલે અગ્નિથી નવડાવ્યો હતો.
કામ કયાં મારું કે તારું કંઈ થયું?
કાં ધરમધક્કો તેં ખવડાવ્યો હતો?
એ હવે ફલ-ફૂલ-છાયા આપતો,
જે શબદ સન્તે પુરા વાવ્યો હતો.
શોક છે એનો કે મારા શોકથી
ના કદી તેં શ્લોક ઉપજાવ્યો હતો.
પ્હાણ છું હું શક્યતાઓથી ભર્યો,
શિલ્પીને અંદાજ કયાં આવ્યો હતો?

**- જિતેન્દ્ર કા. વ્યાસ**

●●●

ડેમ રે બોલને કેનાલ સાંભળે...
ડેમ રે બોલે ને કેનાલ સાંભળે રે
શબદે શબદે વહે વ્હાલનાં વેણ... ડેમ રે.
સાંભળે સાંભળે રે દીકરી બાયની વાત
કંઈ કેટલાં સંકટ વેઠી રોકયાં સરીતાના ઝલ ડેમ રે.
ઘણાં બધા જર જમીન ડુબાડિયા મેં
દીકરી ઘણો બધો સહ્યો મેં અવરોધ
ડૂબતાં ખેતર બચાવવા ખાતર
કુદરત સામે ભીઠી છે મેં બાથ... ડેમ રે.
ધસમસતાં પુરને પ્રલયથી બચાવવા
છાતીએ ધરબ્યો મેં જળ ભંડાર
કાચી માટીની મારી કાયા રે દીકરી
તો યે રોકર્યા છે મેં જળસંહાર... ડેમ રે
તારું મારું સગપણ છે સાચું
સમજાવું છું તને હું આય
સરીતા તારી માતા છે દીકરી
ને હું ડેમ છું તારો બાપ... ડેમ રે.
દીકરી તો પારકી થાપણ છે દીકરી
બેટા, તૈયાર થઈ જાય તારે ઘરે
મારગમાં આવશે ખાડા ટેકરા બહુ
સંકટે ય આવશે ઠેરઠેર... ડેમ રે
સંસ્કારનું ભાથું લેતી જા દીકરી
મારગ પાવન કરતી રહેજે
જે માત્રે તેને તું તે દઈ દેજે.
ન્યોછાવર થઈને રાજી રહેજે... ડેમ રે
મેં કર્યો છે જળસંગ્રહ બહુ
તારે ફરી વહેતો કરવાનો છે.
એક જ આપણો ધરમ છે બેટા.
ધરતી સજીવન કરવાનો છે... ડેમ રે

**- નટુભાઈ ગજ્જર**